| ઉમેદવારનો બેઠક નંબર: | |
|---|---|

**પ્રશ્નપુસ્તિકા સિરીઝ**

# M

**ખાતાના વડાની કચેરીનું નામ: કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડઝની કચેરી**

**સંવર્ગનું નામ: જુનિયર સ્ટાફ ઓફિસર (વહીવટ), વર્ગ - ૨**

**વિષય: નાણાકીય બાબતો**

**પ્રશ્નપત્ર નંબર**

**3**

| **પરીક્ષા તારીખ : ૨૨-૦૫-૨૦૨૫** | **With Book** |
|---|---|

**ફાઈનલ આન્સર કી પ્રસિદ્ધ થયા તારીખ : ૦૩-૦૬-૨૦૨૫**


**સમય : ૩ કલાક**

**કુલ ગુણ: ૧૦૦**

**તમને સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.**

**** ઉમેદવારોને સૂચના ****

(1) આ કસોટીપત્રમાં કુલ ૧૦૦ પ્રશ્નો છે અને આ પાના સહિત કુલ ૧૬ પાનાં છાપેલ છે. પ્રત્યેક પ્રશ્નો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે જ ચારેય વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. તમારે આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET) માં જ ઉત્તર આપવાના છે.
ઉદાહરણ તરીકે:
ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?
(A) સરદાર પટેલ (B) મહાત્મા ગાંધી
(C ) સુભાષચંદ્ર બોઝ (D) વિનોબા ભાવે
જવાબવહી (OMR SHEET) માં




ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ "B" છે. આથી "B" નું વર્તુળ કાળું (encode) કરેલ છે.

(2) પરીક્ષા શરૂ થયેથી ઉમેદવાર પરીક્ષા છોડી શકશે નહી અને અનિવાર્ય કારણોસર પરીક્ષા પૂર્ણ થયા પહેલાં ઉમેદવારે પરીક્ષા ખંડ છોડવો હોય તો પોતાનું ઉત્તરપત્ર અન પ્રશ્નપત્ર પરત આપવાનું રહેશે. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર લઈ જઈ શકશે.

(3) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર તથા અન્ય વિગતો સ્વચ્છ અક્ષરે લખવાની રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. કચેરી દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવેલ નથી.

(5) પ્રશ્નપત્ર તથા ઉત્તરપત્ર (OMR SHEET) માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ કર્યાનું માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(6) ઉત્તરપત્ર (OMR SHEET) માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાની OMR Sheet (ઉત્તરપત્ર) વાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(7) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસે માન્ય સાહિત્ય સિવાય અન્ય સાહિત્ય જેવું કે, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન જેવા અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(8) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(9) ઉમેદવારે વાદળી/કાળી બોલપેનથી જ ઉત્તરો લખવાના છે.અન્ય શાહી કે પેન્સિલનો ઉપયોગ કરી શકાશે નહીં. તથા સફેદ શાહી (વ્હાઈટ ઈન્ક) બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવામાં આવશે.**

001. રાજ્યનાં અંદાજી આવક અને ખર્ચનું પત્રક રાજ્ય વિધાનમડંળ સમક્ષ કોણ રજુ કરાવે છે ?

(A) નાણા મંત્રીશ્રી
(B) રાજ્યપાલશ્રી
(C) વિધાનસભાના અધ્યક્ષશ્રી
(D) નાણા સચિવશ્રી

002. ભારતના સંવિધાનની નીચેનામાંથી કઇ કલમ ઠરાવે છે કે રાજ્યપાલશ્રી દરેક નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રાજ્ય વિધાનમંડળ ગૃહ અથવા ગૃહો સમક્ષ રજૂ કરાવશે.

(A) કલમ ૨૦૩
(B) કલમ ૨૦૨
(C) કલમ ૨૦૪
(D) કલમ ૨૦૫

003. ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ મુજબ નિયંત્રણ અધિકારી એટલે ?

(A) કચેરીના વડા
(B) આવક અને ખર્ચના નિયંત્રણ માટે જવાબદાર અધિકારી
(C) ખાતાના વડા
(D) વિનિયોગ અધિકારી

004. "વાર્ષિક નાણાકીય પત્રક" તરીકે ઓળખાતું અંદાજી આવક અને અંદાજી ખર્ચનું પત્રક તૈયાર કરવાની જવાબદારી કયા વિભાગને સોંપવામાં આવી છે?

(A) નાણા વિભાગ
(B) ઉધોગ અને ખાણ વિભાગ
(C) મહેસુલ વિભાગ
(D) સામાન્ય વહીવટ વિભાગ

005. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા કેટલા દિવસ ચાલે છે?

(A) ચાર દિવસ
(B) અઢાર દિવસ
(C) ચૌદ દિવસ
(D) સોળ દિવસ

006. પેટા સદર એટલે _____ સદરની તરત નીચેનું હિસાબી એકમ......

(A) મુખ્ય સદર
(B) પેટા મુખ્ય સદર
(C) વિગતવાર સદર
(D) ગૌણ સદર

007. વિધાનસભામાં “વિવાદ-બંધ” (ગિલોટીન) ની સૂચના કોણ આપે છે?

(A) નાણામંત્રીશ્રી
(B) વિધાનસભાના સચિવશ્રી
(C) વિધાનસભાના અધિક સચિવશ્રી
(D) વિધાનસભાના અધ્યક્ષશ્રી

008. ગુજરાત અંદાજપત્ર નિયમ સગ્રંહ મુજબ આકસ્મિક ફંડમાં પેશગી ભરપાઈ કરી આપવા જરૂરી પગલાં લેવાની જવાબદારી કોની છે ?

(A) સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગ
(B) ખાતાના વડાની
(C) તિજોરી કચેરીની
(D) એ.જી. કચેરીની



P.T.O.

009. ગુજરાત અંદાજપત્ર નિયમ સગ્રંહ મુજબ અંદાજપત્ર સંક્ષિપ્તમાં અને સામાજિક-આર્થિક સમીક્ષા નામનું અંદાજપત્રિય પ્રકાશન કોના દ્વારા તૈયાર કરવામાં આવે છે ?

(A) અર્થશાસ્ત્ર અને આકંડાશાસ્ત્ર નિયામકની કચેરી

(B) મહેસુલ વિભાગ

(C) એ.જી કચેરી

(D) હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

010. રાજ્યના કાયદા દ્વારા નાખેલાં તમામ કરો------------ હેઠળ આવે છે?

(A) મહેસુલી આવક
(B) મૂડી આવક
(C) આકસ્મિક ફંડ
(D) જાહેર હિસાબ

011. ગુજરાત અંદાજપત્ર નિયમ સગ્રંહ મુજબ અંદાજપત્ર પર સામાન્ય ચર્ચાને અંતે જવાબ કોણ આપે છે?

(A) નાણામંત્રી
(B) મુખ્યમંત્રી
(C) મહેસુલ મંત્રી
(D) મુખ્ય સચિવ

012. આપેલ વિકલ્પો પૈકી શેમાં એવી લેવડ-દેવડનો સમાવેશ થાય છે જેમાં સરકાર શરાફ તરીકે કામગીરી કરે છે અને મેળવેલાં નાણા ભરપાઈ કરવાની જવાબદારી લે છે?

(A) એકત્રિત નિધિમાં
(B) આકસ્મિક નિધિમાં
(C) જાહેર હિસાબમાં
(D) કચેરીના વડાના અગંત બેંક એકાઉન્ટ માં

013. આપેલ વિકલ્પો પૈકી કયો ખર્ચ અનાવર્તક પ્રકારનું ખર્ચ છે?

(A) કચેરીના વાહન મરામતનો ખર્ચ
(B) કચેરીના મકાન ભાડાનો માસિક ખર્ચ
(C) સરકારી વાહનની ખરીદીનો ખર્ચ
(D) વીજળી બીલનો માસિક ખર્ચ

014. કોના હસ્તક રાજ્યના આકસ્મિક ભંડોળને રાખવામાં આવ્યું છે?

(A) રાજ્યપાલ
(B) મુખ્યમંત્રી
(C) રાજ્યમંત્રી મડંળ
(D) મહેસુલ મંત્રી

015. ગુજરાત નાણાકીય નિયમો મુજબ બિન-સરકારી નાણાનો હિસાબ રાખવા અંગે શું જોગવાઇ છે?

(A) બિન-સરકારી અને સરકારી નાણાનો સાથે જ હિસાબ રાખવો જોઇએ

(B) બિન-સરકારી નાણાનો અલગ ચોપડામાં હિસાબ રાખવો જોઇએ

(C) બિન-સરકારી નાણાનો હિસાબ રાખવાનો રહેતો નથી

(D) બિન-સરકારી નાણાનો હિસાબ ફક્ત સી.એ.જી રાખે છે.

016. સરકાર દ્વારા કરવામાં આવતા કરારમાં કેવી શરતો વાળો કરાર સામાન્ય રીતે કરવો જોઇએ નહિ?

(A) ચોક્કસ જવાબદારી વાળો
(B) નિશ્ચિત રકમ વાળો
(C) ઉચ્ચક રકમનો
(D) સ્પષ્ટ સમયગાળા વાળો

017. નીચેનામાંથી કયો નાણાકીય ઔચિત્યનો સિધ્ધાંત નથી ?

(A) સામાન્ય બુધ્ધિ ધરાવતી વ્યક્તિ પોતાના નાણા ખર્ચતી વખતે જે કાળજી રાખે તેવી કાળજી સરકારી નાણા ખર્ચતી વખતે રાખવી
(B) અમુક વ્યક્તિ કે અમુક સમુદાયના લાભ માટે જાહેર નાણામાંથી ખર્ચ કરવો નહિ
(C) પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોતાને લાભ થતો હોય તેવી રીતે જાહેર નાણાનો ખર્ચ કરવો નહિ
(D) ભથ્થું નફાનું સાધન બની શકે

018. ગુજરાત નાણાકીય નિયમો મુજબ મકાન પેશગીની વસૂલાત બાકી હોય અને કર્મચારીનું મૃત્યુ થાય તો પેશગીની વસૂલાત કેવી રીતે કરવાની થાય?

(A) વારસદાર પાસેથી
(B) અવસાન પામેલ કર્મચારી ને ચૂકવવાપાત્ર રકમ માંથી
(C) વસૂલાત કરવાની રહેતી નથી
(D) પેન્શનમાંથી

019. ગુજરાત નાણાકીય નિયમો મુજબ રજા પ્રવાસ રાહત પેશગી કેટલી મળે?

(A) અંદાજીત ખર્ચના 2/5 ભાગ જેટલી
(B) અંદાજીત ખર્ચના 3/5 ભાગ જેટલી
(C) અંદાજીત ખર્ચના 4/5 ભાગ જેટલી
(D) કુલ અંદાજીત ખર્ચ જેટલી

020. ગુજરાત નાણાકીય નિયમો મુજબ રજા પ્રવાસ રાહત પેશગી મંજૂર થયાના કેટલા દિવસમાં પ્રવાસ શરૂ કરવામાં ન આવે તો પેશગી રિફંડ કરવાની રહે છે?

(A) ૭ દિવસ
(B) ૧૦ દિવસ
(C) ૫ દિવસ
(D) ૧૫ દિવસ

021. અતિ ચૂકવણી માટે કોણ જવાબદાર છે ?

(A) બીલ આકારનાર
(B) બીલ ચૂકવનાર
(C) કેશીયર
(D) નાણા મેળવનાર

022. મોટર સાયકલ/સ્કૂટરની ખરીદી માટે પેશગીની મહત્તમ મર્યાદા કેટલી રકમની છે?

(A) રૂ. ૯૯ હજાર
(B) રૂ. ૪૫ હજાર
(C) રૂ. ૫૫ હજાર
(D) રૂ. ૭૫ હજાર

023. સરકારી કર્મચારીઓને મળવાપાત્ર મકાન બાંધકામ પેશગી માટે કેટલા ટકા વાર્ષિક વ્યાજદર નિયત કરવામાં આવેલ છે?

(A) ૨.૫૦%
(B) ૬.૮૫%
(C) ૭.૦૦%
(D) ૭.૯૦%

024. સરકાર વતી નાણા સ્વીકારનાર દરેક અધિકારીએ ગુજરાત તિજોરી નિયમ ૨૦૦૦ મુજબ કયા ફોર્મમાં રોકડમેળ રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે?

(A) ગુ.તિ.નિ ફોર્મ - ૨
(B) ગુ.તિ.નિ ફોર્મ - ૩
(C) ગુ.તિ.નિ ફોર્મ - ૪
(D) ગુ.તિ.નિ ફોર્મ - ૫

025. ગુજરાત તિજોરી નિયમો મુજબ સક્ષમ અધિકારીએ મજુંર કરેલ બાકી રકમ માંગણીની તારીખથી કેટલા માસ કરતા વધુ સમય બાદ રજૂ કરવામાં આવે તો, આવી બાકી માંગણીઓની ચૂકવણીઓ માટે સક્ષમ અધિકારીની ફરીથી મજૂંરી આવશ્યક બને છે?

(A) ૩ માસ
(B) ૪ માસ
(C) ૬ માસ
(D) ૮ માસ

026. ગુજરાત તિજોરી નિયમો ૨૦૦૦ના કયા નિયમ હેઠળ બદલી થતાં વણઆકારાયેલ લેણાં પગારની ચૂકવણી અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે?

(A) નિયમ ૦૧૬
(B) નિયમ ૧૦૬
(C) નિયમ ૧૬૦
(D) નિયમ ૧૬૨

027. ગુજરાત તિજોરી નિયમો મુજબ ક્યું પરિશિષ્ટ ગુજરાત સરકાર અને ભારતીય રીઝર્વ બેંક વચ્ચેના કરારની વિગતો જણાવે છે?

(A) પરિશિષ્ટ ૦૧
(B) પરિશિષ્ટ ૦૨
(C) પરિશિષ્ટ ૦૩
(D) પરિશિષ્ટ ૦૪

028. ગુજરાત તિજોરી નિયમ ૨૦૦૦ મુજબ આકસ્મિક ખર્ચનું ધોરણસરના સ્વરૂપનું રજીસ્ટર કયા ફોર્મમાં નિભાવવું પડે છે?

(A) ગુ.તિ.નિ ફોર્મ - ૪૨
(B) ગુ.તિ.નિ ફોર્મ - ૭
(C) ગુ.તિ.નિ ફોર્મ - ૨૬
(D) ગુ.તિ.નિ ફોર્મ - ૪૫

029. ગુજરાત તિજોરી નિયમોની કોઈ પણ જોગવાઈના અર્થઘટનમાં શંકા ઉભી થાય ત્યારે તેના નિર્ણય માટે કયા વિભાગને પૃચ્છા કરવામાં આવશે?

(A) મહેસુલ વિભાગ
(B) સામાન્ય વહીવટ વિભાગ
(C) ઉધોગ અને ખાણ વિભાગ
(D) નાણા વિભાગ

030. કયા અધિકારી તાકીદની પરિસ્થિતિમાં લેખિત હુકમ આપીને ગુજરાત તિજોરી નિયમોની જોગવાઈઓનું પાલન કર્યા સિવાય ચૂકવણા કરવાની તિજોરી અધિકારીને સત્તા આપી શકે છે અને ચૂકવણી કરવા જણાવી શકે છે?

(A) જિલ્લા પુરવઠા અધિકારી
(B) જિલ્લા કલેક્ટર
(C) પ્રાંત અધિકારી
(D) કાર્યપાલક ઈજનેર

031. રોકડમેળમાં કોઈ ભૂલ જણાઈ આવે તો ખોટી નોંધ પર પેનથી લીટો કરી લીટીઓ વચ્ચે કઈ શાહીથી ખરી નોંધ કરી તે સુધારી લેવાની રહે છે?

(A) કાળી
(B) આસમાની
(C) લાલ
(D) ભૂરી

032. તિજોરી ખાતે રજુ કરવામાં આવતા બીલ પર સહી કરતા દરેક સરકારી અધિકારી ગુજરાત તિજોરી નિયમના કયા ફોર્મમાં પોતાની સહીનો નમૂનો તિજોરી કચેરીને મોકલશે?

(A) ગુ.તિ.નિ ફોર્મ - ૧૮
(B) ગુ.તિ.નિ ફોર્મ - ૧૯
(C) ગુ.તિ.નિ ફોર્મ - ૨૦
(D) ગુ.તિ.નિ ફોર્મ - ૨૧

033. સામાન્ય રીતે પગારની અથવા નિર્વાહ ભથ્થાંમાંથી કેટલા પ્રમાણ કરતાં વધારે રકમની વસુલાત કરવી નહી?

(A) ૧/૨
(B) ૧/૩
(C) ૧/૪
(D) ૧/૫

034. ગુજરાત તિજોરી નિયમ ફોર્મ-૩૨માં ઈજાફો અધિકૃત કરવામાં આવે ત્યારે તેની નોંધ કયા કરવાની થાય છે?

(A) ચેક રજીસ્ટરમાં
(B) પગાર બીલમાં
(C) એ.બી.સી. રજીસ્ટરમાં
(D) સેવાપોથીમાં

035. કયા બીલમાંની નોંધના સર્મથનમાં કોઈ પેટા-વાઉચર રજુ કરવું જરૂરી નથી.

(A) આઉટસોર્સ મેનપાવરના બીલમાં
(B) રૂ. ૧૦,૦૦૦ ઉપરની સ્ટેશનરી ખરીદીના બીલમાં
(C) વીજ ચૂકવણી બીલમાં
(D) સરકારી ટપાલ ટિકિટોના ખરીદીના બીલમાં

036. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો, ૧૯૯૮ માં કોઈપણ જોગવાઈમાં સુધારો કરવો, પરત ખેંચવી, રદ કરવી અથવા છૂટછાટ મૂકવા માટે સક્ષમ સત્તા તરીકે કોને ચોક્કસ કરેલ છે ?

(A) નાણા વિભાગ
(B) સરકાર
(C) મહેસુલ વિભાગ
(D) એ.જી કચેરી, ગુજરાત રાજ્ય

037. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો, ૧૯૯૮ મુજબ જો કોઈ સત્તાધિકારીને નિર્દિષ્ટ રીતે સોંપવામાં આવી ન હોય એવી નાણાકીય સત્તાઓ કયા વિભાગમાં નિહિત રહેશે ?

(A) સામાન્ય વહીવટી વિભાગ
(B) સંબંધિત વહીવટી વિભાગ
(C) નાણા વિભાગ
(D) મહેસુલ વિભાગ

038. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો, ૧૯૯૮ મુજબ માન્ય વિનિયોગ અથવા પુનર્વિનિયોગ દ્વારા ખર્ચ અથવા જવાબદારીને પહોંચી વળવા માટે નાણા ઉપલભ્ય બનાવાયાં ન હોય તો.........

(A) મંજૂરી સામે કોઈ જ ખર્ચ કરી શકાશે નહિ.
(B) જાહેર હિસાબની મંજૂરી લઈ ખર્ચ કરી દેવાનો રહે છે.
(C) અન્ય બચત ગ્રાંટમાંથી તાકીદે ખર્ચ કરી દેવાનો રહે છે.
(D) જાહેર હિસાબની ગ્રાંટમાંથી ખર્ચ કરી દેવાનો રહે છે.

039. વહીવટી વિભાગો અને અન્ય સત્તા તંત્રોએ તેમના તાબાના અધિકારીઓને સોંપણી અથવા પુનઃ સોંપણી કરેલ સત્તાઓની બાબતમાં, જરૂર જણાય ત્યાં નાણા વિભાગની મજૂંરીથી ઓછામાં ઓછા કેટલા સમયમાં એકવાર સમીક્ષા કરવાની રહે છે?

(A) પ્રતિ વર્ષ
(B) દર બે વર્ષે
(C) દર ૩ વર્ષે
(D) દર ૫ વર્ષે

040. "ખાતાના વડા" તરીકે જાહેર કરવા માટે નીચનામાંથી કઈ શરત / શરતોનું પાલન થવું જોઈએ?

૧. અધિકારી કોઈ માન્યતા પ્રાપ્ત તંત્રના વડા હોવા જોઈએ.
૨. અધિકારીનું લઘુત્તમ પગારધોરણ ગુજરાત સરકારના નાયબ સચિવ કરતાં ઓછું હોવું જોઈએ નહીં.
૩. માત્ર વહીવટી વિભાગના સચિવ જ આ સત્તાનો અમલ કરી શકશે.

(A) માત્ર ૧
(B) માત્ર ૧ અને ૨
(C) માત્ર ૨ અને ૩
(D) ઉપરોક્ત તમામ

041. નીચેના વિધાનો પૈકી ક્યું / કયા વિધાન / વિધાનો ખોટા છે?

૧. વહીવટી વિભાગ તેના તાબાના કોઈપણ રાજ્યપત્રિત અધિકારીને પ્રાદેશિક વડા તરીકે જાહેર કરવાની સત્તા ધરાવે છે.
૨. એક જ કચેરી અથવા મહેકમની બાબતમાં એક કરતાં વધુ રાજ્યપત્રિત અધિકારીને કચેરીના વડા જાહેર કરી શકાય છે.
૩. સરકારની વેપાર અંગેની સીધી કામગીરી બાબતમાં ભાવ નિયત કરવા માટેની દરખાસ્તો પર સહમતી ઉધોગ અને ખાણ વિભાગની લેવાની રહે છે.

(A) ફક્ત ૧
(B) ફક્ત ૧ અને ૨
(C) ફક્ત ૨ અને ૩
(D) ૧, ૨ અને ૩

042. મ્યુનિસિપલ કરનો ખર્ચ ચૂકવવા માટે કચેરીના વડાને કેટલી રકમની સત્તા આપવામાં આવેલ છે?

(A) રૂ. ૧૦૦૦ થી ઓછું
(B) રૂ. ૧૫૦૦ થી ઓછું
(C) રૂ. ૨૦૦૦ થી ઓછું
(D) સંપૂર્ણ સત્તા

043. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો, ૧૯૯૮ મુજબ પરચૂરણ ખર્ચ મંજૂર કરવાની વહીવટી વિભાગોને કેટલી રકમની સત્તા પ્રાપ્ત છે?

(A) વર્ષે આવર્તક રૂ. ૧૦૦૦ સુધીની
(B) સંપૂર્ણ સત્તા
(C) વર્ષે અનાવર્તક રૂ. ૧૦૦૦ સુધીની
(D) વહીવટી વિભાગોને આવી સત્તા પ્રાપ્ત નથી.

044. પાણી પુરવઠો, વીજળી વગેરે માટેના ખર્ચ જેવું અન્ય કાયમી ખર્ચ મંજૂર કરવાની કચેરીના વડાને કેટલી સત્તા આપવામાં આવેલ છે?

(A) રૂ. ૧૫૦૦ થી ઓછું
(B) રૂ. ૧૯૦૦ થી ઓછું
(C) રૂ. ૨૦૦૦ થી ઓછું
(D) સંપૂર્ણ સત્તા

045. જગ્યા ભાડે લેતાં પહેલાં સરકારી મકાનની અપ્રાપ્યતાને લગતું પ્રમાણપત્ર કોની પાસેથી મેળવવું પડે?

(A) નાણા સલાહકારનું
(B) માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરનું
(C) ખાતાના વડાનું
(D) જિલ્લા કલેકટરનું

046. ગાંધીનગર અને અમદાવાદ સિવાયના સ્થળોએ આવેલી કચેરીઓ માટે નવા ટેલિફોન જોડાણો મેળવવા માટે કઈ કચેરીને દરખાસ્ત કરવાની રહે છે?

(A) સામાન્ય વહીવટી વિભાગ
(B) જિલ્લા કલેક્ટર કચેરી
(C) નાણા વિભાગ
(D) જિલ્લા પુરવઠા કચેરી

047. આપેલ વિકલ્પો પૈકી કયા કિસ્સામાં સરકારી મકાન તોડી પાડવું નહી ?

(A) બાંધકામની દષ્ટિએ જોખમકારક હોય
(B) મરામત કરવાનું પરવડે તેમ ના હોય
(C) સરકારી મકાન બાંધવા માટે સ્થળ ખાલી કરવાનું જરૂરી હોય
(D) અન્ય સરકારી કચેરી માટે ઉપયોગી અને જરૂરી હોય

048. મુબંઈ આકસ્મિક ખર્ચ નિયમો અન્વયે આપેલ વિકલ્પો પૈકી કયો ખર્ચ આકસ્મિક ખર્ચ છે ?

(A) કચેરીના રાજ્યપત્રિત અધિકારીના પગાર ભથ્થાનો ખર્ચ
(B) કુદરતી આપદાને કારણે આવી પડતો ઓચિંતાનો ખર્ચ
(C) કચેરીનો વહીવટ કરવા માટેનો આનુષંગિક ખર્ચ
(D) જુથ વીમાની ચૂકવણી

049. નાણા વિભાગ સામાયિકોની ખરીદી કરે તો તે કયા પ્રકારનો ખર્ચ ગણાય છે?

(A) આનુષાંગિક આકસ્મિક ખર્ચ
(B) પુરવઠો અને સેવાઓ
(C) મુકરર દર વાળો આકસ્મિક ખર્ચ
(D) ખાસ આકસ્મિક ખર્ચ

050. આપેલ વિકલ્પોમાં જણાવેલ ખર્ચ પૈકી કયો ખર્ચ પગાર ખર્ચ હોવા છતાં આકસ્મિક ખર્ચ તરીકે ગણવામાં આવે છે ?

(A) ગુજરાત મુલ્કી સેવાના અધિકારીઓનો પગાર ખર્ચ
(B) કરાર અધારિત નિમણુંક કરેલ કર્મચારીનો પગાર ખર્ચ
(C) હગાંમી ધોરણે નિમેલા શ્રોફનો પગાર ખર્ચ
(D) નિવૃત્તિ બાદ પુન: નિયુક્ત કર્મચારીનો પગાર ખર્ચ

051. સરકારી કચેરીઓના વીજળી અને ટેલીફોન બીલ સંબંધી ખર્ચ આપેલ વિકલ્પો પૈકી કયા પ્રકારનો ખર્ચ ગણાય ?

(A) પુરવઠો અને સેવાઓ
(B) આનુષાંગિક આકસ્મિક ખર્ચ
(C) મુકરર દર વાળો આકસ્મિક ખર્ચ
(D) ખાસ આકસ્મિક ખર્ચ

052. એકાઉન્ટન્ટ જનરલની કચેરીને રજુ કરવામાં આવતાં વિગતવાર બીલમાં કેટલા રૂપિયાથી વધુ રકમના વાઉચર્સ બીલ સાથે રાખવા જરૂરી છે ?

(A) રૂ.૧૦૦
(B) રૂ.૫૦૦
(C) રૂ.૧૦૦૦
(D) રૂ.૫૦૦૦

053. કાયમી પેશગીની જોગવાઈ મુબંઈ આકસ્મિક ખર્ચના ક્યા નિયમમાં કરવામાં આવેલ છે ?

(A) નિયમ ૫૧
(B) નિયમ ૫૬
(C) નિયમ ૧૫૮
(D) નિયમ ૧૫૩

054. અધિકારીના હવાલે જાહેર સુખાકારી તથા જાહેર ક્લ્યાણના હેતુસર ફાળવેલ અનુદાનને આપેલ વિકલ્પમાંથી કયા અનુદાન તરીકે ઓળખવામાં આવે છે?

(A) સુખાકારી ગ્રાંટ
(B) વિવેકાધીન ગ્રાંટ
(C) જાહેર હેતુસરની ગ્રાંટ
(D) પ્રતીક ગ્રાંટ

055. આકસ્મિક ખર્ચનું રજીસ્ટર ક્યા ફોર્મમાં તૈયાર કરવામાં આવે છે ?

(A) આકસ્મિક ખર્ચ ના નિયમનું ફોર્મ નં ૭
(B) આકસ્મિક ખર્ચ ના નિયમનું ફોર્મ નં ૬
(C) આકસ્મિક ખર્ચ ના નિયમનું ફોર્મ નં ૫
(D) આકસ્મિક ખર્ચ ના નિયમનું ફોર્મ નં ૮

056. એક કચેરીમાં નાણાકીય ચૂકવણીઓ થઈ ગયા બાદ ઉપાડ અધિકારી દ્વારા તુરત જ તે કચેરીના તમામ પેટા વાઉચરોનો નાશ કરવામાં આવે છે. સદરહું કરેલી કાર્યવાહી મુબંઈ આકસ્મિક ખર્ચના કયા નિયમ અનુસંધાને યોગ્ય જણાઈ આવતી નથી?

(A) નિયમ ૧૦
(B) નિયમ ૧૫
(C) નિયમ ૫૦
(D) નિયમ ૫૫(૩)

057. ડેડ સ્ટોક રજીસ્ટરમાં રૂ. ..... થી વધુની ડેડ સ્ટોક વસ્તુ નોંધવામાં આવે છે ?

(A) ૫
(B) ૧૦૦
(C) ૫૦૦
(D) ૧૦૦૦

058. ડેડસ્ટોકની ભૌતિક ચકાસણી કયારે કરવાની હોય છે ?

(A) દર વર્ષે - જૂન માસમાં
(B) દર વર્ષે - જાન્યુઆરી માસમાં
(C) દર બે વર્ષે - ડિસેમ્બર માસમાં
(D) દર પાંચ વર્ષે - જૂન માસમાં

059. આપેલ વિકલ્પો પૈકી કોણ કાયમી પેશગીના નાણાની સુરક્ષા માટે જવાબદાર છે?

(A) કચેરીના ઉપાડ અને વહેંચણી અધિકારી
(B) કેશીયર
(C) જે અધિકારી હસ્તક કાયમી પેશગીના નાણા મંજૂર કરી મુકેલ હોય તે
(D) નાણા સલાહકાર

060. ગુજરાત રાજ્ય ખરીદ નીતિ -૨૦૨૪ અંર્તગત રૂ. ૨ કરોડના ટેન્ડરમાં ટેન્ડર ફી કેટલી રાખવી જોઈએ?

(A) રૂ. ૧૫૦૦
(B) રૂ. ૫૦૦૦
(C) રૂ. ૧૦૦૦૦
(D) રૂ. ૧૫૦૦૦

061. ગુજરાત રાજ્ય ખરીદ નીતિ ૨૦૨૪ અંર્તગત તત્કાલ ખરીદી માટે જેમ (GeM Portal) પોર્ટલ સિવાયની ખરીદી માટેના કિસ્સામાં ટેન્ડર પ્રસિદ્ધિનો સમયગાળો કેટલા દિવસથી ઓછો હોય છે?

(A) 5
(B) 7
(C) 15
(D) 30

062. કયા સ્વરૂપે ઈ.એમ.ડી (Earnest Money Deposit) ન સ્વીકારવી જોઈએ.

(A) ડિમાન્ડ ડ્રાફ્ટ
(B) પે ઓર્ડર
(C) બેંક ગેરેંટી
(D) રોકડ સ્વરૂપે

063. ગુજરાત રાજ્ય ખરીદ નીતિ ૨૦૨૪ મુજબ રૂ. ૫ લાખથી વધુ ખરીદીના કિસ્સામાં ટેન્ડર ફી અને ઈ.એમ.ડી ભરવામાંથી મુક્તિ મેળવતા હોય તેવા એકમોએ ખરીદી કિંમતના (**Order Value**) કેટલા ટકા સિક્યોરીટી ડિપોઝીટ ભરવાની રહેશે?

(A) મુક્તિ મળેલ છે
(B) ૩.૦૦%
(C) ૫.૦૦%
(D) ૧૦.૦૦%

064. ગુજરાત રાજ્ય ખરીદ નીતિ ૨૦૨૪ પેરા-૮ વિના ટેન્ડરએ ખરીદી કક્ષા-ક હેઠળ દર્શાવેલ સંસ્થા જેલ પાસેથી કેટલી રકમની મર્યાદામાં ભાવપત્રક કે ટેન્ડર સિવાય ખરીદી કરી શકાશે ?

(A) ૧ લાખ
(B) ૦૫ લાખ
(C) ૧૦ લાખ
(D) ૧૫ લાખ

065. ગુજરાત રાજ્ય ખરીદ નીતિ ૨૦૨૪ મુજબ રીપીટ ઓર્ડર આપવા સંબંધે કયો વિકલ્પ અયોગ્ય જણાય છે?

(A) મૂળ ઓર્ડરની તારીખથી ૬ માસની અંદર
(B) મૂળ ઓર્ડરના ૨૫% અથવા તેથી ઓછા જથ્થાની ખરીદી.
(C) મૂળ ઓર્ડર પછી બજારભાવમાં ઘટાડો અને ટેક્નોલોજી અપગ્રેડેશન થયેલ નથી તેનું પ્રમાણપત્ર રજુ કરવું.
(D) પુનઃ દસ દિવસ માટે બીડ પ્રસિધ્ધ કરવું.

066. ગુજરાત રાજ્ય ખરીદ નીતિ ૨૦૨૪ મુજબ કેટલી રકમથી વધુની વસ્તુઓ અને સેવાઓ (**GeM** દ્વારા સહિત) ની ખરીદી, માત્ર ઈ-ટેન્ડર દ્વારા જ કરવાની રહે છે ?

(A) રૂ. ૧૦,૦૦૦
(B) રૂ. ૫૦,૦૦૦
(C) રૂ. ૭૫૦૦૦
(D) રૂ. ૧ લાખ

067. ગુજરાત રાજ્ય ખરીદ નીતિ ૨૦૨૪ મુજબ પાછલા નાણાકીય વર્ષના ૩૧મી માર્ચના રોજ પૂરા થતા છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન બીડરનું લઘુત્તમ સરેરાશ વાર્ષિક નાણાકીય ટર્નઓવર અથવા વાસ્તવિક ઉત્પાદન, બીડ મૂલ્ય કરતાં ઓછામાં ઓછું કેટલું હોવું જોઈએ?

(A) એક ગણું
(B) બમણું
(C) દસ ગણું
(D) પચાસ ગણું

068. સોલીટરી ઓફર બાબતે જિલ્લા કક્ષાની ખરીદ સમિતિ (**DLPC**)ને કેટલી રકમની નાણાકીય મર્યાદામાં ખરીદ કરવાની સત્તા એનાયત થયેલ છે ?

(A) રૂ. ૧ લાખ
(B) રૂ. ૧૦ લાખ
(C) રૂ. ૫૦ લાખ
(D) સત્તા આપેલ નથી.

069. બ્રાન્ડેડ આઈટમની ખરીદી માટે ડીપાર્ટમેન્ટલ પરચેઝ કમિટી (DPC)ને કેટલી રકમની નાણાકીય મર્યાદામાં ખરીદ કરવાની સત્તા એનાયત થયેલ છે ?

(A) રૂ. ૧ લાખ
(B) રૂ. ૧૦ લાખ
(C) રૂ. ૫૦ લાખ
(D) સત્તા આપેલ નથી

070. CSPO નું પુરું નામ જણાવો.

(A) Central Stores Purchase Organization
(B) Central Services Purchase Organization
(C) Central Stores Procurement Organization
(D) Central Services Procurement Organization

071. ગુજરાત રાજ્ય ખરીદનીતિ ૨૦૨૪ મુજબ કેટલા કરોડ ઉપરની તમામ ખરીદીમાં ગ્લોબલ ટેન્ડર (વૈશ્વિક ટેન્ડર) નિમંત્રિત કરી શકાય?

(A) રૂ. ૨૦૦ કરોડ ઉપર
(B) રૂ. ૨૦ કરોડ ઉપર
(C) રૂ. ૨ કરોડ ઉપર
(D) રૂ. ૧૦ કરોડ ઉપર

072. રાજ્ય સરકારના એક એકમમાંથી બીજા એકમમાં નાણા તબદીલ કરવાની પદ્ધતિ કયા નામે ઓળખાય છે?

(A) પ્રતિક માંગણી
(B) પુનવિનિર્યોગ
(C) લેખાનુદાન
(D) ખર્ચનું પૂરકપત્રક

073. પૂરક વિનિયોગ માટેની દરખાસ્તો અંગેની પ્રાથમિક જવાબદારી કયા અધિકારી પર રહેલ છે?

(A) ઉપાડ અને વહેંચણી અધિકારી
(B) હિસાબી અધિકારી
(C) વહીવટી અધિકારી
(D) નિયંત્રણ અધિકારી

074. સુધારેલા અંદાજ તૈયાર કરતી વખતે ચાલુ વર્ષના પ્રથમ કેટલા મહિનાના ખરેખર આંકડા ધ્યાને લેવામાં આવે છે?

(A) છ
(B) દસ
(C) આઠ
(D) નવ

075. રાજ્ય આકસ્મિક ફંડની રચના ભારતીય બંધારણની કઇ કલમ અનુસાર કરવામાં આવે છે?

(A) ૨૬૭ (૧)
(B) ૨૬૬ (૧)
(C) ૨૬૭ (૨)
(D) ૨૬૬ (૨)

076. જમીન મહેસુલના આવકનો સદર નીચેનામાંથી કયો છે?

(A) ૦૦૨૯
(B) ૦૦૩૦
(C) ૦૦૩૨
(D) ૦૦૩૧

077. સ્ટેમ્પ અને નોંધણી ફી ના આવકનો સદર નીચેનામાંથી કયો છે?

(A) ૦૦૨૯
(B) ૦૦૩૦
(C) ૦૦૩૨
(D) ૦૦૩૫

078. સામાન્ય રીતે "પોલીસ" ની આવક માટેનો સદર નીચેનામાંથી કયો છે?

(A) ૦૦૫૫
(B) ૦૦૫૨
(C) ૦૦૫૬
(D) ૦૦૫૭

079. ગુજરાત તિજોરી નિયમ ૨૦૦૦ મુજબ બીલ એટલે _____ સામેની માંગણીનું પત્રક

(A) પ્રજા
(B) સરકાર
(C) લોકો
(D) કંપની

080. ગુજરાત નાણાકીય નિયમ ૧૯૭૧ મુજબ બિનસરકારી નાણાને લગતી મળેલ રકમને થાપણ તરીકે સરકારી કબજામાં રાખવા સરકારે અધિકૃત કર્યું ન હોય તો _____ ખાતે જમા લેવી.

(A) એકત્રિત ફંડ
(B) આકસ્મિક ફંડ
(C) જાહેર હિસાબ
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં.

081. તાકીદના પ્રસંગે તિજોરી અને બેન્ક ખુલ્લી રાખવાના આદેશ કરવાની સત્તા નીચેનામાંથી કોની જોડે છે?

(A) નિયામકશ્રી
(B) તિજોરી અધિકારીશ્રી
(C) કલેકટરશ્રી
(D) નાણા સચિવશ્રી

082. ગુજરાત તિજોરી નિયમના કયા નિયમ મુજબ તિજોરી અધિકારી વિવાદાસ્પદ માંગણી સ્વીકારશે નહીં?

(A) ૬૬
(B) ૬૭
(C) ૬૮
(D) ૬૯

083. નીચેનામાંથી કયો LPC (છેલ્લા પગારના પ્રમાણપત્ર) નો નમૂનો છે?

(A) ગુ. તિ. નિ. ૧૦૧ ફોર્મ
(B) ગુ. તિ. નિ. ૧૦૯ ફોર્મ
(C) ગુ. તિ. નિ. ૧૧૦ ફોર્મ
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

084. સામાન્ય રીતે સરકાર સામેનું કોઈપણ માંગણું કેટલો સમય વણચૂકવાયેલું રહે તો સક્ષમ સત્તાધિકારીની મંજૂરી વગર ચૂકવી શકાય નહીં?

(A) એક વર્ષ
(B) છ મહિના
(C) એક વર્ષ અને છ મહિના
(D) બે વર્ષ

085. સામાન્ય રીતે સરકારી કર્મચારીના પગારમાંથી નીચેનામાંથી કઈ કપાત કરવામાં આવે છે?

(A) પ્રોફેશનલ ટેક્ષ
(B) જુથ વીમો
(C) આવકવેરો
(D) ઉપરોક્ત તમામ

086. સરકારી કર્મચારીના તબીબી સારવારના ખર્ચ ભરપાઈ અંગેનું બીલ કયા ફોર્મમાં બને છે?

(A) GTR 29
(B) GTR 30
(C) GTR 44
(D) GTR 35

087. 36 મહિના કરતાં વધુ સમય સુધી વણ આકારેલ પેન્શન નીચેનામાંથી કોની મંજૂરી સિવાય ચુકવાય નહીં?

(A) તિજોરી અધિકારી
(B) નિયામક પેન્શન અને પ્રો. ફંડ
(C) સંબધિત વહીવટી વિભાગ
(D) એકાઉન્ટન્ટ જનરલ

088. નીચેનામાંથી કયો અનામતનો પ્રકાર નથી?

(A) મહેસૂલ અનામત
(B) ફોજદારી અનામત
(C) દેવા અનામત
(D) દીવાની અનામત

089. ______ગુ. તિ. નિ. ફોર્મ શાખ પત્ર માટેનું છે?

(A) 14
(B) 16
(C) 18
(D) 20

090. નાણાકીય સત્તા સોંપણી ના નિયમ ૧૯૯૮ મુજબ એક જ ગૌણ સદર હેઠળ સંપૂર્ણ સત્તા એટલે કે એક જ ગૌણ સદર હેઠળ ના પેટા સદરો વચ્ચે પુનર્વિનિયોગ કોણ કરી શકે છે?

(A) ઉપાડ અધિકારી
(B) નિયંત્રણ અધિકારી
(C) ખાતાના વડા
(D) વહીવટી વિભાગ

091. મકાન બાંધકામ પેશગી મંજૂર કરવાની સત્તા કયા અધિકારી જોડે હોય છે?

(A) ખાતાના વડા
(B) પ્રાદેશિક વડા
(C) કલેક્ટર
(D) ઉપરોક્ત તમામ અધિકારીને તેમના ક્ષેત્રમાં સત્તા છે.

092. કાયમી પેશગીની રકમ સામાન્ય રીતે શેનાથી વધવી જોઈએ નહીં?

(A) સરેરાશ મુસાફરી ખર્ચ
(B) સરેરાશ માસિક પગાર ખર્ચ
(C) સરેરાશ માસિક આકસ્મિક ખર્ચ
(D) સરેરાશ માસિક પૂરવઠો અને સેવાનો ખર્ચ

093. ધ્વજ દંડીના સમારકામ ખર્ચ અને તેમના નવીનીકરણ કામનો ખર્ચ _____ માટેના અનુદાન માંથી મેળવવાનો રહે છે?

(A) જે-તે ખાતા
(B) જાહેર બાંધકામ
(C) ગૃહ ખાતા
(D) નાણા વિભાગ

094. ગુજરાત નાણાકીય નિયમ ૧૯૭૧ મુજબ "દરખાસ્ત પત્રક" શબ્દ કોની સાથે સંકળાયેલ છે?

(A) હિસાબ
(B) મહેકમ
(C) ખર્ચ
(D) આવક

095. "નાણાકીય ઔચિત્યતા નો સિદ્ધાંત" એ ગુજરાત નાણાકીય નિયમોના કયા નિયમ હેઠળ આવરી લેવાયો છે?

(A) ચાર
(B) છ
(C) સાત
(D) આઠ

096. નાણાકીય ઔચિત્યતાના સિદ્ધાંત અનુસાર સરકારી કર્મચારીને મળતા ભથ્થા ______ નું સાધન બનવું જોઈએ નહીં.

(A) ખર્ચ
(B) વિનિમય
(C) નફા
(D) ખોટ

097. "પુરવઠો અને સેવા" કઈ કામગીરી સાથે સંકળાયેલ છે?

(A) ટેકનિકલ
(B) નાણાકીય
(C) મહેકમ
(D) હિસાબી

098. પોલીસની ગુપ્ત સેવા અને બાતમીદારોને ઇનામની બાબતમાં નિયંત્રણ અધિકારી કોણ રહેશે?

(A) પોલીસ અધિક્ષક
(B) પોલીસ ઈન્સ્પેક્ટર
(C) નાયબ પોલીસ મહાનિરીક્ષક
(D) મદદનીશ પોલીસ કમિશ્નર

099. કરારના માનક ફોર્મ ઉપયોગમાં લેવાતા ન હોય તો કયા વિભાગની સલાહ લઈ માનક ફોર્મ બનાવવા?

(A) નાણા વિભાગ
(B) કાયદા વિભાગ
(C) (A) અને (B) બંને
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

100. ડેડ સ્ટોકની બાબતે કચેરીના વડા દર વર્ષે કયા મહિનામાં પોતાના ખાતાના વડાને પ્રમાણપત્ર મોકલાવશે?

(A) જૂન

(B) એપ્રિલ

(C) મે

(D) માર્ચ